સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

વિદેશી બેન્કો છૂપાવે છે સૌનું કાળું નાણું,
સત્તા બ્લેકમેલથી કઢાવે છે, કાળું નાણું,
સાચવે 'ચૂંટણી ટાણું', કાળું નાણું, નેતાઓનું -
બાંધે એક ગાંઠે, સરકાર-વેપારીને, કાળું નાણું..

હાઈકુ

ભાજપ ને તો
અપૂર્ણ આદેશે પણ -
લાભ-પાંચમ..

ધાક-ધમકી
કટુ 'સામના' પછી -
સેના શરણે!

ચિંતન

જિતેન્દ્રિયત્વં વિનયસ્ય કારણં, ગુણ પ્રકર્ષો વિનયાદ્વાપ્યતે ।
ગુણાધિકેપુંસિ જનોઅનુ રજયતે જનાનુરાગઃ પ્રભવો હિ સંપદઃ ॥

'માણસનું જીતેન્દ્રીયં પણું - એટલે કે સંયમી જીવન એ તેની સંસ્કારીતા અને સદ્‌ગુણોનું પરિણામ છે'

માણસને આવા સંસ્કાર અને સદ્‌ગુણો-વિદ્યાભ્યાસ-કેળવણી-શિક્ષણ તાલીમ દ્વારા પ્રાપ્ત થાય છે.

આવું ઉત્તમ શિક્ષણ અને સદ્‌ગુણના સંસ્કાર માનવીને જનસમૂહ-પ્રજાનો વત્સલ બનાવે છે. બધાને ગમતો બને છે.

- અને જે સૌમાં લોકપ્રિય હોય તે જ સંપત્તિવાન-ઐશ્વર્યવાન થાય છે.'

ટૂંકમાં જે માણસનું મન મક્કમ-વાસના-વ્યસન રહિત-સંયમી હોય તેના જ જીવનમાં સંસ્કાર આવે છે. સંસ્કાર માટે શિક્ષણ જરૂરી છે.

ઉત્કૃષ્ટ સંસ્કારીજન પ્રજાપ્રેમ પ્રાપ્ત કરી શકે છે એ જ માનવની મૂડી-સમૃદ્ધિ-ઐશ્વર્ય છે.

સુવિચાર

- પોતાની આસપાસ સત્ય, અહિંસા અને સંતોષ રૂપી એક કિલ્લો ઊભો કરી દો.. કોઇ તાકાત એ ભેદી શકશે નહીં - ધર્મસૂત્ર
- કૃતજ્ઞતા હૃદયની સ્મૃતિ છે, ક્ષમા મોટાઇની નિશાની છે - સંત ફ્રાન્સીસ
- માપ બહારની અપેક્ષાઓ તે દુઃખની મોટી ખાણ છે - જનકલ્યાણ
- સમય હંમેશા તમારી 'મૂડી' બને ત્યારે જ કે જ્યારે તમે સમયથી આગળ હોવ - એસ.ભટ્ટાચાર્ય
- જીંદગી કંઇ પળવારમાં બુઝાઇ જાય એવી નાની જ્યોતિ નથી એ તો રાહ દેખાડનાર મશાલ છે - કાન્તિ ભટ્ટ
- આત્મવિશ્વાસ વધારવાની સચોટ રીત... 'જે કામથી તમે ડરો છો તેજ કરો' - મેડમ ક્યૂરી
- જો ઇશ્વર આપણને જીવનભર કંઇ જ દુઃખ ન આપે તો મનુષ્ય તરીકેની આપણી સહનશક્તિનું એ સૌથી મોટું અપમાન છે - મોરારિ બાપુ

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

પીંજરું તે પીંજરું સોનાનું કે રૂપાનું - પરાધીનતા, સોના-રૂપાના મહેલમાં પણ અકળાવે છે. સ્વતંત્ર વિચારના માનવીને ગુલામી અકળાવે જ છે. ગરીબી-ભૂખ સહન થાય પણ પરાધીનતા કદી સહન ન થાય.

ચીનના ચિંતક અને સંત લાઓત્સે ખૂબ જ સરળ સ્વભાવના અને સાદગીથી એક નદી કિનારે કુટિયા બનાવી રહેતા હતા.

ચીનના સમ્રાટને વિચાર આવ્યો મોટા ચિંતક અને સંત લાઓત્સેને મારા પ્રધાન બનાવું. સૈનિકોને મોકલ્યા અને બાદશાહની ઇચ્છા જણાવી અને કહ્યું અમારી સાથે ચાલો - સમ્રાટની આજ્ઞા છે.

લાઓત્સે તે વખતે રેતીમાં રમતા-ઉંધા-ચત્તા થતા કાચબાની રમત જોતા હતા. સૈનિકોને એ કાચબો બતાવી કહ્યું. આ ગેલ કરતો કાચબો જુઓ. આપણું રાજચિન્હ પણ કાચબો જ છે ને? અને એક મોટો દરિયાઇ કાચબો મહેલમાં હીરા-મોતી જડીને પણ રાખવામાં આવ્યો છે, ખરું ને? સૈનિકોએ હા પાડી.

ફરી લાઓત્સેએ પુછ્યું આ ગેલ કરતો કાચબો એની સ્વેચ્છાથી તમારા મહેલમાં આવે ખરો? સૈનિકોએ 'ના' પાડી.

લાઓત્સે કહે તો તો મારામાં કાચબા કરતાં તો વધારે સમજ અને વિચારશક્તિ છે, હું કેમ આવું?!

સૈનિકો નત મસ્તકે પાછા ગયા.

Email - sureshchandrabhatt18@gmail.com

તમે 'ફર્સ્ટ રેટર' છો કે 'સેકન્ડ રેટર'?

When a true genius appears in the world, you know him by this sign; the dunces are all in confederacy against him.

- Jonathan Swift

(સાચો મેધાવી છે તે આ દુનિયામાં પ્રગટ થાય છે ત્યારે સરેરાશ માણસોનો સમૂહ એનો વિરોધ કરે છે, જેના દ્વારા એ જિનિયસ હોવાની જાણ થાય છે.)

આઇરિશ કવિ અને વ્યંગકાર જોનાથન સ્વિફ્ટના એક પુસ્તક 'થોટ્સ ઓન વેરિઅસ સબ્જેક્ટ'માંથી ઉપરનું વાક્ય ઉદ્‌ધૃત કર્યું છે. એમાં કડવું સત્ય છે. વિશ્વમાં સરેરાશ બુદ્ધિ ધરાવનારા બહુમતીમાં છે. આ લોકો પોતાનો મત અને આગ્રહ લઇને જીવતા હોય છે. પ્રણાલિકા અને પરંપરાને અતિક્રમીને વિચારવાની એમનામાં હિંમત હોતી નથી કે નથી હોતું એવું ગજું. પરંપરાગત વિચારોથી બદ્ધ રહેવું એમને સદી ગયું હોય છે, એટલું જ નહીં, પણ તે જ સાચું એવું પ્રબળપણે માને છે.

પણ જિનિયસને પાંખો હોય છે. વિચાર અને તર્કની પાંખો, ચિંતનના આકાશમાં એ ઊંચે વધુ ઊંચે ઉડ્યા કરે છે. જિનિયસને નક્કી કરેલા ચોકઠામાં રહેવાનું ફાવતું નથી. એ પરંપરાને તોડી શકે છે અને પ્રણાલીથી અલગ થઇ પોતાનો નવો ચીલો ચાતરી શકે છે. આમ કરવા જતાં ક્યારેક એ પાગલ જેવું વર્તન કરતો હોય છે. કોઇક જગ્યાએ વાંચ્યું હતું : The Geniuses are eccentric મેધાવી લોકો ઘૂની હોય છે.

વર્તુળમાં પરિધ પર કોઇ એક જગ્યા પર જિનિયસ વ્યક્તિને સૂચવતું બિંદુ મુકીને પછી ક્રમશઃ ચોક્કસ અંતરે ઓછી બુદ્ધિ ધરાવતી વ્યક્તિને સૂચવતાં બિંદુઓ મૂકતા જઇએ તો જિનિયસની સાવ નજીકનું બિંદુ મૂર્ખ માટે મુકાયેલું હોય. બંને વચ્ચે થોડું જ અંતર રહે છે.

જિનિયસ ક્યારેક પાગલ જેવું વર્તન કરે છે. તેનાં અનેક ઉદાહરણો છે. ડચ ચિત્રકાર વિન્સેન્ટ વાન ઘોઘને અચાનક શું ઘૂરી ચડી કે એને અસ્ત્રાથી પોતાનો કાન કાપી નાખ્યો હતો. ન્યૂટને નાની-મોટી બિલાડીઓને પાંજરામાં જવા-આવવા માટે બે અલગ દરવાજા બનાવ્યા હતા. મોટી માટે મોટો દરવાજો નાની માટે નાનો! રાજકુમારે 'જંજીર' ફિલ્મ કરવાનો પ્રસ્તાવ એટલા માટે નકાર્યો હતો કે એને પ્રકાશ મહેરાએ માથામાં સીંચેલા તેલની વાસ પસંદ ન હતી! કિશોરકુમારના પણ આ પ્રકારના અનેક કિસ્સા છે.

પ્રતિભાસંપન્ન વ્યક્તિનો અભિગમ ક્યારેક એવી ક્રાંતિકારી હોય છે કે વર્ષો જૂના ખ્યાલો પર એના દ્વારા કુઠારાઘાત થાય છે. સરેરાશ બુદ્ધિવાળાઓનો સમૂહ આ સહી શકતો નથી. પરિણામે સંઘર્ષની ભૂમિકા બને છે. દૂરના અતીતમાં ગેલિલિયો, કોપરનિક્સ અને ન્યૂટનને વિજ્ઞાનસંબંધી - પૃથ્વી કેવી છે તે વિધાનો કરવા માટે સરેરાશ બુદ્ધિ ધરાવતા લોકોનો અમાનુષી વિરોધ સહન કરવો પડ્યો હતો. એ વૈજ્ઞાનિકો સાચા છે એવું પાછળથી સાબિત થયું.

આયન રેન્ડે લખેલાં બે પુસ્તકો 'Fountainhead' અને 'Atlas shrugged' માં જિનિયસ અને સામાન્ય બુદ્ધિ ધરાવનારાઓ અનુક્રમે 'ફર્સ્ટ રેટર્સ' અને 'સેકન્ડ રેટર્સ' તરીકે ઓળખાવ્યા છે. કોઇ પણ સ્થળે 'ફર્સ્ટ રેટર્સ' ને 'સેકન્ડ રેટર્સ' દ્વારા વિરોધ થાય તેની સામે ટકી રહેવું પડતું હોય છે એની વાત છે એમાં. આ સંદર્ભે ઓસ્કાર વાઇલ્ડનું એક વિધાન મૂકવાની ઇચ્છા થાય છે. એણે કહ્યું છે, 'મોટા ભાગના લોકો આ વિશ્વમાં અસ્તિત્વ ધરાવે છે. એટલું જ. બાકી જીવવું એ વિરલ બાબત છે.' શાળાઓ અને સમાજ અસ્તિત્વ ટકાવવામાં સહાય કરી શકે. બાકી જીવવાનું તો જીવનના અનુભવોમાંથી - કસોટીઓમાંથી પસાર થવાથી શીખી શકાતું હોય છે.

અક્ષયપાત્ર
- બકુલ દવે

નવા વર્ષે એવો સંકલ્પ લઈએ કે આપણે, યથાશક્તિ પ્રયત્ન કરીને 'જીવેમ શરદઃ શતમ્'ની પરિકલ્પનાને શારીરિક-માનસિક-સામાજિક તેમજ આધ્યાત્મિક સ્તરે સાકાર કરી, તેને વધુને વધુ ઉત્પન્ન બનાવીએ

આપણી સાંસ્કૃતિક પરંપરા અમૂલ્ય છે. વૈદિક કાળથી તપાસીએ તો ખ્યાલ આવે કે આપણા પાસે એવો અણમોલ ખજાનો છે કે જેની તુલના કોઇ પણ ભૌતિક તત્ત્વ સાથે ન થઇ શકે. સદ્‌ભાવના, સદાચરણ અને પોઝીટીવ એટીટ્યુડથી ભારોભાર ભરેલ આ ખજાનાનું એકાદ વાક્ય જો પચી જાય તો બેડો પાર. દિવાળીનો દિવસ છે આજે આપણને વારસામાં મળેલ આપણા સાંસ્કૃતિક ખજાનામાં છુપાયેલ સદ્‌ભાવના-સદ્‌વૃત્તની વાત કરવી છે. આમ જોઇએ તો સદ્‌ભાવના-સદાચરણની વાતો બહુ આઇડીયલ અને થિયરી જેવી લાગે. સંતો-મહંતો જે સદાચરણની વાતો કરે તે બધી આમ તો આપણને ખ્યાલ ન હોયછે પણ જો આ વાતોને પ્રેક્ટીકલી સમજાવવામાં આવે. વ્યાવહારિક રીતે જો તેનું અમલીકરણ કરવા અંગેના પ્રયોજનનો ખ્યાલ આપવામાં આવે તો કદાચ આ બાબતો સડસડાટ ગળે ઉતરી જાય.

જેમ કે આલેખના ટાઇટલમાં રહેલ ત્રણ શબ્દોનું વાક્ય. "જીવેમ શરદઃ શતમ્" યજુર્વેદમાંથી લેવાયેલ આ વાક્ય અદ્‌ભૂત છે. પ્રેક્ટીકલી જોઇએ તો આ ઘણી બધી બાબતો કહી જાય છે. આ વાક્યની સીધો અર્થ થાય છે "અમે સો શરદઋતુઓ જીવીએ." હવે આનો ગૂઢાર્થ (પ્રેક્ટીકલી મિનીંગ) સમજીએ એક તો અહિં આરોગ્યમયતાની વાત છે. શરદઋતુને રોગોની માતા કહેવામાં આવે છે. આ ઋતુમાં અનેક રોગો થાય છે. આમ, આ વાક્યમાં લાંબુ જીવન અને સ્વસ્થ જીવન જીવવાની આકાંક્ષા છે. વળી અહીં બહુવચનનો પ્રયોગ કરેલ છે. આમ અહિં સાહચર્યની વાત છે. વસુધૈવ કુટુંબકમની પરોક્ષ ભાવના છે. અહિંસા તેમજ 'જીવો અને જીવવા દો' જેવા ભાવોને અહીં વ્યક્ત કરાયા છે. વળી, અહિં એક પ્રબળ હકારાત્મક અભિગમ છે. વેવલાવેડા કે યાચનાવૃત્તિ નથી. એક પોઝીટીવ એટીટ્યુડ છે. સો વર્ષનું આરોગ્યમય આયુષ્ય એવું આયુષ્ય કે જેમાં પરસ્પર સહઅસ્તિત્વ હોય, એક બીજાને સપોર્ટ કરવાની તેમજ સહબંધુત્વની ભાવના હોય. આમ જોઇએ તો આ એક આઇડીયલીસ્ટીક કલ્પના જ લાગે. પણ જો તેના ઊંડાણમાં જઇએ તો આ બહુ જ પ્રેક્ટીકલ બાબત છે. મનના સાત કાર્યો કે જેનો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવાની વાત અહિં કરેલ છે. મનના છ કાર્યો એટલે "ચિંત્યમ્" (ઇન્દ્રિયો દ્વારા જ્ઞાનપ્રાપ્તિ), "વિચાર્યમ્" (પ્રાપ્ત થયેલ જ્ઞાન પર વિચાર કરવો), "ઉહ્યમ્" (તર્ક-વિતર્ક દ્વારા જ્ઞાન તપાસવું), "ધ્યેયમ્" (ધ્યાન કરવું), "સંકલ્પમ્" (સંકલ્પ કે નિશ્ચય કરવો) "ઇન્દ્રિયોભીગ્રહ" (ઇન્દ્રિયો પર નિયંત્રણ), તથા "સ્વનિગ્રહ" (પોતાના પર નિયંત્રણ). આમ, મનના આ સાત કાર્યો પરનું નિયંત્રણ અને તેના વિવેકપૂર્વકના ઉપયોગ દ્વારા "જીવેમ શરદઃ શતમ્" સિદ્ધ થઇ શકે. મનના આ કાર્યો વડે જે સત્વ, રજ કે તમની અધિકતા-ન્યૂનતા થાય છે અને માનસિક પ્રકૃતિનો નિશ્ચય થાય છે. વિવેકપૂર્વકના ઉપયોગ વડે સાત્ત્વિકબુદ્ધિનો ઉદય થાય છે. જે સંપૂર્ણ નિરામયતા તરફ દોરીને ઉપરોક્ત સૂત્રનો સાક્ષાત્કાર કરે છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) દ્વારા અપાયેલ "સ્વાસ્થ્ય"ની વ્યાખ્યા મુજબ "સ્વસ્થતા એટલે ફક્ત રોગોનો અભાવ જ નહિં પરંતુ, શારીરિક-માનસિક-સામાજિક તેમજ આધ્યાત્મિક, દરેક કક્ષાની ઉત્કૃષ્ટતા. આમ, ટોટલ હેલ્થ ત્યારે જ શક્ય બને જ્યારે મન-વચન-કર્મ હકારાત્મક અભિગમ કેળવાય. જ્યારે "જીવેમ શરદઃ શતમ્" ની ભાવના પ્રબળ રીતે મનમાં ઠસી ગઇ હોય ત્યારે આપોઆપ જ શારીરિક રીતે સ્વાસથ્ય પ્રબળ બની જાય છે. કારણ કે શરીર એ મનનો પડછાયો છે. અલબત્ત, શરીરદોષોને રાખવા માટે આહાર-વિહાર પ્રત્યેની સમજ તથા વિવેકબુદ્ધિ જરૂરી છે, પરંતુ જો મનથી નિર્બળ હોઇશું તો શરીરની ગમે તેટલી કાળજી રાખીશું તો પણ સંપૂર્ણ સ્વાસ્થ્ય - એટલે કે 'જીવેમ શરદઃ શતમ્' ની ભાવના સિદ્ધ નહિં જ થાય. મન અદ્‌ભૂત શક્તિશાળી છે. આ લખનારે અનેક દર્દીઓને જોયેલા છે. જેઓ અસાધ્ય વ્યાધિઓથી પિડીત હોવા છતાં પ્રબળ હકારાત્મક અભિગમને કારણે લાંબુ આયુષ્ય, આરામદાયક આયુષ્ય ભોગવે છે. ઘણા કિસ્સાઓમાં તો વ્યાધિની અસર ઘટતી જોવા મળે છે.

હાલ દર નવા વર્ષે એક રીઝોલ્યુશન એટલે કે શપથ લેવાનો ચીલો છે તો ચાલો આવતીકાલે શરૂ શનાર નવા વર્ષે એવો સંકલ્પ લઇએ કે આપણે, યથાશક્તિ પ્રયત્ન કરીને 'જીવેમ શરદઃ શતમ્'ની પરિકલ્પનાને શારીરિક - માનસિક-સામાજિક તેમજ આધ્યાત્મિક સ્તરે સાકાર કરી, તેને વધુને વધુ ઉત્પન્ન બનાવીએ. દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. આગામી વર્ષ અગાઉના દરેક વર્ષો કરતા ઉત્તમ રહે તેવી શુભકામનાઓ.

જીવેમ શરદઃ શતમ્ નિરામય
ડૉ. કેદાર ઉપાધ્યાય

ઈસ્લામમાં બધુ જ ઈશ્વરાર્પિત, ઈશ્વર નિર્દિષ્ટ છે, ઈશ્વર ઈચ્છિત છે

ઈશ્વરના અસ્તિત્વ વિશે ધર્મ, શ્રદ્ધા, ભક્તિ અને વિજ્ઞાન... સૌ જુદી જુદી માન્યતાઓ ધરાવે છે. ઈશ્વરનું અસ્તિત્વ આજે પણ કોયડારૂપ છે. જેનો ઉકેલ વિજ્ઞાન પણ શોધી શક્યું નથી. અહીં આજે મારે હિન્દુ ધર્મ, વેદો, પુરાણો કે ઉપનિષદોમાં ઈશ્વરની માન્યતા વિશે ચર્ચા નથી કરવી પરંતુ મુસ્લિમ-ઈસ્લામ ધર્મમાં ઈશ્વરની કલ્પના-માન્યતા અંગે કહ્યું છે તે જોવું છે.

પ્રાચીન કાળમાં અરબ દેશોમાં ઈશ્વર વિશે શ્રદ્ધા કેવી હતી તે જાણવા માટે કોઈ નક્કર પુરાવા નથી મળ્યા. વળી યહૂદી અને ઈસાઈ સ્ત્રોતોમાં પણ ઈસ્લામ બાબતે સાચી હકીકત નથી મળતી પરંતુ અરબી-કબીલાઓના લેખોમાં 'ઈલાહ' નામનો શબ્દ ઘણીવાર પ્રયોજાયો છે. કુરઆનમાં પણ આ શબ્દ સામાન્ય સંજ્ઞાની જેમ પ્રયુક્ત થયો છે. જેમ કે 'મૂસાના ઈલાહ' (૪૦.૩૯) કે 'મૈં અપને સિવા તુમ્હારા કોઈ ઈલાહ નહીં જાનતા' (૨૮, ૩૮) આ 'ઈલાહ' શબ્દની વ્યૂત્પત્તિ બાબતે હિબ્રુભાષામાં, બાઈબલમાં ઉલ્લેખો મળી આવે છે. જેનો સર્વ સામાન્ય અર્થ 'ઈશ્વરનું શરણ લેવું' 'સેવા કરવી' થાય છે.

કુરઆનમાં ઈશ્વર સંબંધી બીજો એક શબ્દ મળી આવે છે. 'રબ્બ' જેનો અર્થ થાય છે 'મહાન' કે 'સ્વામી' (માલિક). પરંતુ સીરીયાઈ ઈસાઈ 'અલ્લાહા' શબ્દ પોતાના પરમ પૂજ્ય માટે વાપરતા હતા એ પછી સંત પોલ માને છે કે પૈગંબર અબ્દલ્લાહ (અલ્લાહનો પુત્ર) અને મક્કા નિવાસી અલ્લાહ તો પરિવાર માનવામાં આવે છે. 'યા અલ્લાહ' સંબોધન ઉપરથી લાગે છે કે અલ્લાહ ક્યારેક નામના અર્થમાં પ્રયોજાતો હશે. કુરઆનમાં ઈશ્વરને વકીલ (વિશ્વસ્ત, ટ્રસ્ટી) પણ કહેવામાં આવે છે. વળી બીજો એક શબ્દ પણ મળી આવે છે 'અલ-રહમાન' જેનો અર્થ થાય છે 'દયાળુ' કે 'રહમ કરવાવાળો' બીજો શબ્દ છે 'બિસ્મિલ્લાહ' પણ પ્રયુક્ત થયેલો જોવા મળે છે.

ઈશ્વરના કેટલાંય નામોના સંદર્ભે 'અબૂ હુરૈરા'એ લખ્યું છે કે 'મુહમ્મદે કહ્યું છે કે ઈશ્વરના નવ્વાણું નામ છે. તેમાંથી એકપણ નામ કોઈ લેશે તો તે સ્વર્ગમાં જશે' એમાં કેટલાંક લોકોને તે વળી 'ખુદા' નામનો ફારસી શબ્દ અને અરબીમાં 'વાજિલ અલ વુજૂદ' આ બંને શબ્દો ઈશ્વરાર્થી છે. આ બંને શબ્દ સ્વયં પૂર્ણ અર્થ ધરાવે છે.

આરબ લોકો રણ પ્રદેશના રહેવાસી હોવાને કારણે રેગિસ્તાનમાં મોટી મોટી આંધી આવતી કે મૃગજળના આભાસોની પાછળ કોઈ અદૃશ્ય શક્તિ હોવાનું માનતા. આ વિશ્વાસને કુરઆને એક પરમ તત્ત્વ ગણાવ્યું છે. જે આખાય વિશ્વ પર છવાયેલું રહે છે. આ એકેશ્વરવાદ ઈસ્લામની સૌથી મોટી દેન છે અને તેથી જ આ ધર્મમાં માત્ર એક જ ખુદા, અલ્લાહ છે. નામ જુદા છે. સંજ્ઞા જુદી છે પર 'ઈશ્વર' એક જ છે અને તેથી જ મુસ્લિમ અનુસાર હિન્દુ બહુદેવવાદી છે અનેક દેવી-દેવતાઓ હોવાને કારણે એકાત્મભાવ જાગતો નથી. જોકે કૃષ્ણએ સર્વત્ર હું છું કહીને ઈશ્વર એક હોવાનો સંકેત આપ્યો છે. કુરઆનમાં તો વારંવાર કહેવામાં આવ્યું છે કે 'તમારો ઈશ્વર એક છે એના સિવાય બીજો કોઈ ઈશ્વર નથી' (૨, ૧૫૮, ૨૫૫), વળી કહ્યું છે કે, "શું તમારા ગળાની નસથી પણ વધુ નજીક તે નથી ? તે બધું જ જાણે છે સર્વજ્ઞ છે, સર્વસૃષ્ટિ નિર્માતા છે. સર્વસાક્ષી નિયંત્રતા છે. વૃક્ષનું એક પાંદડું પણ એના વિના એની જાણ બહાર નથી પડતું."

કુરઆન અનુસાર ઈશ્વરના અનેક નામો છે, 'અલ-વદૂદ' (પ્રેમ કરવાવાળો), 'અલ્-રદૂફ' (દયાળુ), અલ્-તવ્વાબ (શાંતિ-દાતા), 'અલ્-કબીર' (મહાન), 'અલ્-જબીલ' (પરમક્રાંતિમાન, રાજસી), 'અલ્-હાદી' (માર્ગદર્શક), 'અલ્-મોમિન' (સંરક્ષક), 'અલ્-મુહૈમિન' (આશ્રયદાતા), 'અલ્-મજીદ' (ઐશ્વર્યયુક્ત), 'અલ્-જબ્બાર' (શક્તિથી પર), 'અલ્-અલી' (ઉદાત), 'અલ્-કુદૂસ' (પરમપવિત્ર), 'અલ્-અજીમ' (દિવ્ય) ઈસ્લામનું માનવું છે કે નામ કે ગુણોની વિવિધતાને કારણે ઈશ્વરત્વની અનેકતા સિદ્ધ થતી નથી. ઈશ્વરત્વની એકમયતા-એકાત્મકતા એવી છે કે તે પોતાનામાં જ અનેકતા સમાવે છે. વળી એક સત્ય એ પણ છે કે ઈશ્વર અદૃશ્ય શક્તિ છે એ તર્ક દ્વારા સિદ્ધ ન થાય. ઈશ્વર સ્વયંભૂ મૌલિક સત્ય છે.

ઈસ્લામ અનુસાર ઈશ્વર મનુષ્ય કે અન્ય કોઈ વસ્તુ-જડ-ચેતનાના રૂપમાં વ્યક્ત નથી થતો, ઈશ્વરનો કોઈપણ સીમા

ઈસ્લામ ધર્મ અને ઈશ્વર

મોરપીંછના રંગ
- ડૉ. કનૈયાલાલ ભટ્ટ

બહારનો અવતાર અસંભવ છે કેમકે જે સૃષ્ટા છે તે ક્યારેય સૃષ્ટિ ન બની શકે. ઈશ્વરનો સાક્ષાત્કાર તો એની વાણીરૂપે, એમના શબ્દો રૂપે મનુષ્યને મળતો રહે છે. જે દેવદૂતો (સંતો-ફકીરો) દ્વારા કે ગેબી અવાજ (આત્માનો અવાજ) દ્વારા મનુષ્યના હૃદય પર અંકિત થાય છે કેમકે કુરઆનમાં સ્પષ્ટ લખ્યું છે કે માનવી ઈશ્વરનો સીધો અવાજ ક્યારેય નથી સાંભળી શકતો.

ઈસ્લામમાં 'ઈમામ' એટલે કે 'પૂર્ણ શ્રદ્ધા' ઉપર ખૂબ જ ભાર મુકવામાં આવ્યો છે. શંકાને સહેજ પણ સ્થાન નથી. જ્યાં શંકા છે ત્યાં ઈશ્વર નથી, ધર્મ નથી. વળી ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાથી જ મનુષ્ય સાચો મુસ્લિમ નથી બની જતો. 'ઈશ્વર' એક માત્ર છે "લા ઈલાહિ ઈલ્લિલ્લાહ" એના વિના બીજો કોઈ નથી. એમાં પૂર્ણ શ્રદ્ધા રાખવી જરૂરી છે. 'ઈસાઈયો'ની 'ત્રિ-ત્ત્વ' (ઈશ્વર-મેરી અને બાળક)ની માન્યતાને ઈસ્લામ નથી સ્વીકારતો, ઈશ્વરની પરિભાષામાં મુસ્લિમ ધર્મશાસ્ત્રી સાત ગુણ જરૂરી સમજે છે. હયાદ (જીવન), ઈલ્મ (જ્ઞાન), કદ્ર (શક્તિ), ઈરાદા (ઈચ્છા), સમ (શ્રુતિ), બશર (દૃષ્ટિ), કલામ (વાણી) પ્રાચીન 'સિફાત' વાદી માને છે કે ઈશ્વરના ગુણ ચિરંતન છે. જ્યારે મોત જલા-વાદી માને છે કે આ ગુણ ચિરંતન નથી જ્યારે આશારિયાવાદી માને છે કે તે છે તો ચિરંતન પરંતુ ઈશ્વરના આરતત્ત્વથી જુદા છે. ઈસ્લામના કટ્ટરપંથી ઈશ્વરના ગુણોને અપરિભાષેય અને અજ્ઞેય માને છે એટલે જ ઈસ્લામના અનુયાયીઓ ઈશ્વરના ગુણોમાં માત્ર શ્રદ્ધા-વિશ્વાસ રાખવાનું કહે છે. એને જાણવાનો પ્રયત્ન વ્યર્થ છે જે નિષ્ઠામાં સ્થિર છે તે કોઈ પ્રશ્ન નથી કરતા.

ઈ.સ. ૧૫૦૫માં અલ્-સુયૂતીએ ઈશ્વરના ગુણોનું વિભાજન પણ કરી બતાવ્યું છે. પરંતુ આ વિભાજન સર્વમાન્ય નથી. તેના વિશે ઘણી ચર્ચા કરવામાં આવી છે. અલ્લાહ પ્રકૃતિ અને મનુષ્યનો એકમાત્ર શાસક છે એમાં શંકા કરવા વાળાને દંડિત કરવો જોઈએ. એવો મત ઈસ્લામનો છે.

ઈસ્લામમાં 'અલ્-નસફી'ના 'અકાયદ'નો એક જ વિચાર 'ગીતા'ના વિચારને મળે છે એમાં દર્શાવ્યું છે કે 'ઈશ્વર બધા જ કાર્યોનો, પ્રાણીઓનો નિર્માતા છે. વિશ્વાસ-અવિશ્વાસ, આજ્ઞા કે અવજ્ઞા આ બધા કાર્ય એની ઈચ્છા-આજ્ઞાથી જ થાય છે. આ બાબતે શીયા મત તથા અન્ય પંથોના મત જુદા જુદા છે. આ પંથનું માનવું છે કે ઈશ્વર સર્વ મનુષ્ય-કર્મનો પ્રણેતા છે. સર્વશક્તિમાન છે. તો પછી માનવીઓ-પ્રાણીઓની સ્વતંત્રતાનું શું ? અને ઈશ્વર જ સર્વકાર્ય કરાવે છે તો સંસારમાં દુઃખ કેમ છે ? દુષ્ટ-ભ્રષ્ટ અને પાપી લોકોને સજા કેમ નથી મળતી ? તેઓ વધુ સુખી કેમ છે? અને સાચો-પ્રામાણિક માણસ ગરીબ કેમ છે ? આવા પ્રશ્નો ઊભા કરીને ઈશ્વરના ઈશ્વરત્વ ઉપર પણ પ્રશ્નાર્થચિહ્ન લગાવ્યું છે. પરંતુ આ બધી બાબતોનો કુરઆનમાં ઉલ્લેખ કરી સમાધાન પણ આપ્યું છે. જો કે કુરઆનનું સાહિત્યિક રૂપ સંવાદાત્મક રૂપ છે. એની ભાષા સરળ-સશક્ત અને અલંકારપૂર્ણ છે. કેટલીક વાતો દૃઢ કરવા માટે પુનરાવૃત્તિ પણ કરવામાં આવી છે. કેટલીક વાતો સ્પષ્ટ છે કેટલીક અસ્પષ્ટ. કુરઆન કોઈ વ્યવસ્થિત પ્રબંધ કાવ્ય રૂપે નથી કે નથી એ ધર્મશાસ્ત્રી વાતોનો સંગ્રહ. એમાં ઘણું-બધું એવું છે કે એના વિશે ચર્ચા-ટિપ્પણી-સ્પષ્ટીકરણ બાકી હોય છે. એના ઉપર ઈસાઈ અને યૂનાની વિચારધારાનો પણ પ્રભાવ જોવા મળે છે. કુરઆનમાં એકપણ વચન એવું નથી કે જે સિદ્ધ કરે કે 'સઘળું માનવી કાર્ય-કર્મ માત્ર ઈશ્વરની ઈચ્છાથી પ્રેરિત છે અથવા ઈશ્વરની આજ્ઞાથી થાય છે.'' 'અલ્-રજી' કહે છે કે કુરઆનમાં સ્પષ્ટ લખ્યું છે કે જેની ઈચ્છા હોય તે વિશ્વાસ કરે અને ન હોય તે અવિશ્વાસ કરે...

ઈસ્લામમાં અલ્લાહને મળવાના પાંચ ઉપાયો બતાવેલા છે, 'જિક્ર-ઈ-જિહરી' (નામ સ્મરણ), 'જિક્ર-ઈ-ખફી' (નામ સ્મરણ-મૌન), 'પસ-ઈ-અનસફ' (પ્રાણાયામ), 'મુરક્કબહ' (સ્પષ્ટવાદી-ધ્યાનમાં એકાગ્ર થવું) 'ચિલ્લહ' (૪૦ દિવસ સુધી એક જગ્યાએ એકાંતમાં ધ્યાન ધરવું)... આ ઉપરાંત સંગીત (કવ્વાલી)નું પણ મહત્વ દર્શાવેલું છે.

આમ આ રીતે જોઈએ તો ઈસ્લામ ધર્મમાં એક સાચા મુસ્લિમને એટલી બધી સ્વતંત્રતા નથી મળતી જેટલી અન્ય સંપ્રદાયો ધર્મમાં મળે છે. ઈસ્લામમાં બધુ જ ઈશ્વરાર્પિત, ઈશ્વર નિર્દિષ્ટ છે, ઈશ્વર ઈચ્છિત છે.

આ આપણા મ્યુ. કોર્પોરેશનનુંય અભિમન્યુ જેવું છે, ચારેકોર ખાડા ખોદી જાણે છે પણ તેને પૂરવાનું નથી જાણતા!!

એક દિ' પાછા મગનલાલ સવારના પહોરમાં મારે ત્યાં ટપકી પડ્યા. એમને કાંઇક કામ હોય અથવા વાણીવિલાસ કરવાનો હોય કે હૈયાહોળી ઠાલવવાની હોય એટલે સીધા જ મારે ઘેર. એમને એ ખબર છે કે મારા જેવા શ્રોતા એમને બીજો મળતો નથી અને એય ખબર છે કે હું સાંભલતો નથી. તોય દીધે રાખે છે,

મગનલાલ આવ્યા એટલે ચા-પાણીનું પૂછ્યું એટલે એમણે હા પાડી. થોડીવારમાં તો (એમના જેવી) કડક ચા પાણી પણ ગઇ. તેને ન્યાય આપ્યા પછી મેં પુછ્યું, 'બોલો શું કામ પડ્યું?'

'કામ તો કાંઇ નથી પણ તમને એક વાત કહેવા આવ્યો છું.'

બોલો ત્યારે

'તમે મહાભારત વિશે તો જાણતા જ હશો!'

હા... હા... કેમ નહિ? પણ અત્યારે તેનું શું કામ પડ્યું? ભજવવાનું છે કે કરવાનું છે? મેં ટીખળ કર્યું.

'કાંઇ કરતાં કાંઇ નથી કરવાનું પણ તમને ખબર

નાની અમથી વાત (હાસ્ય વ્યંગ)

ચક્રવ્યૂહ

- લે. ભગદેવ ભટ્ટ 'હાસ્યાયન'

હોય તો જ્યારે યુદ્ધમાંથી અર્જુનને કૃષ્ણ અન્ય સ્થળે લઇ ગયા ત્યારે અભિમન્યુએ તે દિવસે યુદ્ધ લડવા જણાવ્યું, બરાબર!'

હા.. હા... તે દિવસે ચક્રવ્યૂહ ગોઠવાયો હતો.

'હા... હવે બરાબર, પછી યુધિષ્ઠિર વગેરેએ અભિમન્યુને ચક્રવ્યૂહ ભેદવા વિશે પૂછ્યું ત્યારે અભિમન્યુએ જણાવેલ કે તે ચક્રવ્યૂહમાં દાખલ થઇ જાણે છે પણ બહાર નીકળવાનું નથી જાણતો' મગનલાલ શ્વાલ ખાવા થોભ્યા.

એટલે મેં પૂછ્યું, 'પણ આ વાત અભ્યાસ કેમ યાદ આવી?'

મગનલાલ : આ આપણા મ્યુ. કોર્પોરેશનનુંય અભિમન્યુ જેવું છે. ચારેકોર ખાડા ખોદી જાણે છે પણ તેને પૂરવાનું નથી જાણતા!!

સુરસુરિયું :

**એક ઇ.એન.ટી. સર્જન બીજા ઇ.એન